# ગુજરાતના એસ.સી,એસ.ટી,ઓબીસી એમ.પી અને એમ. એલ. એ ખોવાયા છે પોસ્ટ વાઈરલ

## એલઆરડી ભરતીમાં મહિલાઓને અનામત આંદોલનના સમર્થનમાં

મોડાસા, તા. ૩

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ- GADએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ એક ઠરાવથી ૧૮ વર્ષ જૂની અનામત નીતિમાં બદલાવ કર્યો હતો. જેના એક વર્ષ પછી વિવિધ સરકારી ભરતીઓમાં અનામત હેઠળના ઉમેદવારો જનરલથી વધુ મેરિટ મેળવે તો પણ તે અનામત પૂરતા મર્યાદિત રહ્યાની અસરો શરૂ થઈ છે. લોક રક્ષકદળ- LRDની ભરતીમાં જાહેર થયેલી પસંદગી યાદીમાં જનરલ કેટેગરીના મહિલા ઉમેદવારના કટ ઓફ મેરિટથી વધુ મેરિટ હોવા છતાંયે ST, SC, OBC અને EBC વર્ગની મહિલા ઉમેદવારોને જનરલ કેટેગરીને બદલે છે તે જ અર્થાત અનામત કેટેગરીમાં જ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, જેનો વિવાદ વકર્યો છે. ગાંધીનગરમાં એક મહિનાથી આ નીતિના વિરુદ્ધમાં રાજ્યના તમામ ક્ષેત્રો- જ્ઞાતિઓની મહિલા ઉમેદવારો દ્વારા ઉપવાસ આંદોલન ચાલી રહ્યુ છે.ત્યારે સોશ્યલ મીડિયામાં રાજ્યના એસ.સી, એસટી, ઓબીસી ના ચૂંટાયેલા સાંસદ સભ્યો અને ધારાસભ્યો ગુમ થયા હોવાની પોસ્ટ સોશ્યલ મીડિયામાં ભારે વાઈરલ થઈ રહી છે




ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં એલઆરડી ભરતીમાં અનામાવત વર્ગમાં સમાવિષ્ઠ મહિલા ઉમેદવારોનું મેરીટ જનરલ કેટેગરી મહિલા ઉમેદવારો કરતા ઉંચુ હોવા છતાં તેમનો સમાવેશ અનામત કેટેગરીમાં કરતા અનામત અન્ય મહિલા ઉમેદવારોને અન્યાય થતા સરકાર સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ઉપવાસ પર ઉતરી છે ત્યારે રાજ્યમાંથી એસટી,એસસી અને ઓબીસી અનામત બેઠક પરથી ચૂંટાયેલા અને અનામત સમાજમાંથી ચૂંટાયેલા નેતાઓ સમર્થનમાં કે પછી આશ્વાસન સુદ્ધાં આપવા ન પહોંચતા તેમની વિરુદ્ધમાં સોશ્યલ મીડિયામાં "ખોવાયેલ છે...ખોવાયેલ છે" જેમને પણ ફોટોવાળા સાંસદ કે એમ. એલ. એ નો સંપર્ક થાય તો સત્યાગ્રહ છાવણીમાં ધરણા પર બેઠેલા નિસહાય બેહેનો પાસે ન્યાય માટે મૂકી જવા વિનંતી છે

# આજે સાબર સ્ટેડીયમ હિંમતનગર ખાતે 'પંચમ યુવા ઓલિમ્પિયાડ'નું ઉદ્ઘાટન

**શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજીત ઓલિમ્પિયાડમાં ભારતભરના ૨૧ રીજીયનમાંથી ૨૨૫૦ જેટલા રમતવીરો વચ્ચે જંગ જામશે**




હિંમતનગર, તા. ૩

સમગ્ર ભારતમાં વસતા ગુજરાત- કચ્છના કડવા પાટીદારોના સંતાનોમાં રમત-ગમત ક્ષેત્રે પાંગરતી પ્રતિભાને ખિલવવા પ્રોત્સાહિત કરવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ યુવા સંઘ-મહિલા સંઘ આયોજીત "પંચમ્" યુવા ઓલિમ્પિયાડ ઉત્તરગુજરાતના હિંમતનગર ખાતે સાબર સ્ટેડીયમને આંગણે ત્રિ-દિવસીય મહોત્સવ તા. ૪,૫,૬ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ યોજાશે.

આ પંચમ્ યુવા ઓલિમ્પિયાડને આજે ચોથી જાન્યુઆરી ૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે રાષ્ટ્રીય કક્ષાના યુવા ખેલ મહાકુંભને માન.મુખ્યમંત્રીવિજયભાઈ રૂપાણી ઉદ્દ્ઘાટન કરીને ખુલ્લો મૂકશે. સમારંભના અધ્યક્ષ પદે અબજીભાઈ કાનાણી, પ્રમુખ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તથા મુખ્ય મહેમાન પદે નાયબ મુખ્યમંત્રીનીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. જ્યારે અતિથિ વિશેષપદે રમત-ગમત અને સહકારમંત્રી તથા જિલ્લા પ્રભારીમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને સાબરકાંઠા - અરવલ્લીના સાંસદ દિપસિંહ રાઠોડ રહેશે.

# ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામની મહિલાઓએ દારૂબંધી માટે પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો

## ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામમા મહીલાઓ દ્વારા જનતા રેડ થઈ





ખેડબ્રહ્મા, તા. ૩

દોઢસોથી બસ્સો મહિલાઓ તેમજ ગામના લોકો દ્વારા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન હાજર રહી શહેરના તેમજ તાલુકા માં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે અરજી આપી તેમજ આવેદન પત્ર ચોકી ખોલવા માટે ખેડબ્રહ્મા શહેર પ્રાંત અધિકારી ઓફિસ છે મામલતદાર તેમજ શિરસ્તેદાર ને આવેદનપત્ર પાઠવ્યું હતું અને જો સત્વરે શહેર તેમજ તાલુકામાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જિલ્લાની વડી કચેરીએ આંદોલન ચલાવવાની ચીમક ઉચ્ચારી હતી જેમાં લક્ષ્મીપુરા ગામની મહિલાઓ તેમજ યુવાનો અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા આ મામલે ખેડબ્રહ્મા પોલીસ પીએસઆઈ વી બી પટેલ દ્વારા મહિલાઓ તેમજ નગરજનોને જણાવ્યું હતું કે મારો મોબાઈલ નંબર આપની ગામની ગ્રામ પંચાયત અને દૂધની ડેરી એ મુકવામાં આવશે તમને ક્યાંય કોઈ દારૂ પીધેલો જોવા મળે તો તરત જ મારા નંબર ઉપર કોન્ટેક્ટ કરીને સત્વરે ધ્યાન દોરવું તેના ઉપર તાત્કાલિક ધોરણે આકરામાં આકરા પગલાં લેવામાં આવશે બાહેધરી આપતા મહિલાઓએ રજા લીધી હતીપીએસઆઈ મા અને તાલુકા મા અંગ્રેજી દારુ તથા દેશી દારુ ની રેલમછેલ જોવા મલતી હોય લોકો ખુબ જ પરેશાન થયા છે ખુલ્લેઆમ હવે દારુનુ વેચાણ નીવગટના વધતી જોઈ લક્ષ્મીપુરા પુરા ગામ મા વારંવાર રજુઆતો કરવા છતા લક્ષ્મીપુરામા પોલીસ દ્વારા કોઈ નક્કર પગલા ભરવામાં આવ્યા ન હોવાથી લક્ષ્મીપુરા ગામ ની મહીલા ઓ હવે રણચંડી બની હતી અને મહીલાઓ ભેગી થઈ ને જાતે જનતા રેડ કરવામા આવી હતીત્યાં બાદ લક્ષ્મીપુરા ગામ ના દારુ ના અડ્ડા પર રેડ કરવામા આવી લક્ષ્મીપુરા મા પોલીસ ધ્વારા અડ્ડા ઓ બંધ નહી થાય તો આવનારા સમય મા બહેનો જાતેજ બુટલેગરો ને પકડી ને એસ.પી.કચેરી એ લઈ ને સાહેબ ને જાતે સોપશે...ખેડબ્રહ્મા મા ખુલ્લેઆમ અગ્રેજી દારુ કે દેશી દારુ ને બંધ કરવાં માંગ ઉઠી છે

# આઈ-બ્રેસ્ટ કેન્સર સ્કીનીંગ મશીન દ્વારા મહિલાઓમાં સ્તન કેન્સર ફ્રી નિદાન શુભારંભ




મહેસાણા, તા. ૩

દેશભરમાં મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. મહિલાઓમાં આ મહામારી રોગ બાબતે જાગૃતિ આવે તે માટે સરકાર દ્વારા વિધ પ્રયાસો થઈ રહ્યા છે.મહેસાણામાં જિલ્લા પંચાયત દ્વારા મહિલાઓની આરોગ્ય અને સુખાકારી માટેના અનોખા પ્રયાસો કરવામાં આવ્યા છે.

મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીએ જણાવ્યુ? હતું કે મહિલાઓમાં સ્તન કેન્સરનું ઝડપથી નિદાન કરી શકાય તે માટે જિલ્લા પંચાયત દ્વારા ૨૦૧૯-૨૦ ના સ્વભંડોળ માંથી રૂ.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.મહેસાણા જિલ્લા પંચાયતે રાજ્યમાં સૌ પ્રથમ વાર બ્રેસ્ટ કેન્સર ડીવાઈઝની રૂ, ૨૫ લાખ માંથી પાંચ મશીનની ખરીદી કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં મહિલાઓની આરોગ્ય લક્ષી ચકાસણી બ્રેસ્ટ કેન્સર ડીવાઈઝ દ્વારા થઈ શકશે. બ્રેસ્ટ કેન્સરના કેસોમાં ગુજરાત સાતમાં ક્રમમાં આવે છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૧૩ ટકા બ્રેસ્ટ કેન્સરમાં વધારો થયો છે. તબીબોના અંદાજ પ્રમાણે છેલ્લા ૨૫ વર્ષમાં ૫૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓના બ્રેસ્ટ કેન્સરના કેસ નોંધાયા છે.

રાજ્યમાં સૌ પ્રથમ વાર મહેસણા જિલ્લા પંચાયતે મહિલાઓની આરોગ્ય અને સુખાકારી ને ધ્યાનમાં લેતા મહેસાણા જિલ્લા પંચાયતના સ્વભંડોળ માથી બ્રેસ્ટ કેન્સર ડીવાઈઝ લાવવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતના સમિતિ સભાખંડમાં જ આ બ્રેસ્ટ કેન્સર ડીવાઈઝ ને મહિલાઓ સામે ખુલ્લા મુકાયા હતા.

જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ કાર્યક્રમમાં અંદાજીત ૧૫૦ મહિલાઓને આ વિશે જાગૃતિ આપી ચકાસણી કરવામાં આવી. ચકાસણી માટે યુ.વી લાઈફ સ્ટાઈલ દિલ્હી માંથી બોલાવવામાં આવેલા. જેમાં સ્કીનીંગ સહિત નિદાનની માહિતી આપવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં તાલુકા, ગ્રામ્ય કક્ષાએ ૩૦ વર્ષ ઉપરની લક્ષ્યાંકિત બહેનોનું સ્કીનીંગકરી નિ;શુલ્ક નિદાન કરવામાં આવશે.

## વારંવાર વાદળછાયું વાતાવરણ સર્જાતા


# આગામી સમયમાં ઠંડીનો પારો ગગડશે તેવી શક્યતા

## ભિલોડામાં વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો અને પશુપાલકો ચિંતિત : ખુલ્લામાં ખેત પેદાશો રાખતા ખેડુતો,વેપારીઓમાં ભયની લાગણી ઉદ્ભવી



ભિલોડા,તા.૩

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા વારંવાર વાદળછાયું વાતાવરણ સર્જાતા આગામી સમયમાં ઠંડીનો પારો ગગડશે તેવી શક્યતા જોવા મળી રહી છે.ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોને કારણે ક્યારેક ઠંડીનું પ્રમાણ વધી જાય છે ક્યારેક ગરમીનું પ્રમાણ વધી જાય છે તો ક્યારેક અનરાધાર વરસાદ વરસતો હોય છે.ક્યારેક કોઈ પણ સિઝનમાં કમોસમી વરસાદ વરસતો હોય છે.છેલ્લા ઘણા વર્ષોથી કોઈ પણ સમયે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે એકાએક પલટો અને ફેરબદલ



જોવા મળતો હોય છે તેના કારણે ખેડુતો અને પશુપાલકોની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે.

વહેલી સવારથી આકાશમાં વાદળોની ઘેરાબંધી અને શીતલહેર સાથે પવન ફુંકાતા સવાર-સાંજ ઠંડીના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે.કુદરતનો કરીશ્મા કંઈ જ સમજાતો નથી ? વારંવાર બદલાતા વાતાવરણને કારણે ખેતીના વિવિધ પાકોને નુકશાન થવાનો ભય ખેડુતોને વારંવાર સતાવી રહ્યો છે.ભિલોડામાં વાતાવરણમાં એકાએક પલટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો અને પશુપાલકો ચિંતિત થઈ રહ્યા છે.ઘઉં, કપાસ, મકાઈ, ચણા, રાયડો, વરીયાળી, બટાકા, જીરૂ, શાકભાજી, કઠોળ સહિત વિવિધ પ્રકારના પાકો પર ખતરો હોવાની સંભાવના સેવાઈ છે.ખેડુતોના માથે હવે સંકટના વાદળો છવાઈ રહ્યા છે.આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતા હોઈ ખેડુતોના જીવ તો જાણે કે પડીકે બંધાયા હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો ચમકારો જોવા મળતા પ્રજાજનોને હવે સ્વેટર,ટોપી,સ્કાર્ફ પહેરવાની ફરજ પડી હતી.આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ભિલોડા પોલીસએ રેડ દરમ્યાન બોલુન્દ્રા ગામમાંથી રૂપિયા૧,૬૦,૨૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો



ભિલોડા,તા.૩

ભિલોડા પોલીસએ રેડ દરમ્યાન બોલુન્દ્રા ગામમાંથી રૂા.૧,૬૦,૨૦૦/- નો વિદેશી દારૂ ઝડપાયો હતો.દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ કરતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાય રહ્યો છે.પોલીસએ પ્રોહિબીશન એક્ટ મુજબ આરોપી ઈસમ વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.જી.વસાવા અને પોલીસ સ્ટાફના માણસોને સાથે રાખી ખાનગી બાતમીના આધારે બોલુન્દ્રા ગામના રહેવાસી.અનિલભાઈ ગિરીશભાઈ તરાળના ઘરની તપાસ હાથ ધરતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલ નંગ-૪૬૨ કુલ કિંમત રૂા.૧,૬૦,૨૦૦/- નો મુદ્દામાલ ઝડપાયો હતો.આરોપી ઈસમ તેના ઘરે હાજર ન હોવાથી તેની વિરૂધ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગેરકાયદેસર પ્રવૃત્તી સંદર્ભે પોલીસએ ગુનો નોંધી પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓનું ભવ્ય સ્વાગત

## નેશનલ ચિલ્ડ્રેન સાયન્સ કોન્ગ્રેસ-૨૦૧૯ એશિયાના શ્રેષ્ઠ ૧૫ પ્રોજેક્ટમાં સ્થાન



મોડાસા, તા. ૩

નેશનલ ચિલ્ડ્રેન સાયન્સ કોન્ગ્રેસ ૨૦૧૯ હરિફાઈ કેરાલાના ત્રિવેન્દ્રમ ખાતે યોજાયેલી સ્પર્ધામાં મોડાસાની શ્રી.એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થિની સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવતા શાળામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્રિવેન્દ્રમાં ખાતે તારીખ ૨૫ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતના ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી અરવલ્લી જિલ્લાના ૩ અને સરસ્વતી હાઈસ્કૂલની ૨ વિદ્યાર્થિનીઓ હતી. ગુજકોસ્ટ પ્રેરિત જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર અરવલ્લીના માર્ગદર્શનથી શ્રુતિ પટેલ સરસ્વતી વિદ્યાલય મોડાસાના પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનાં એક માત્ર શ્રેષ્ઠ આશાસ્પદ પ્રોજેક્ટ્સમાં સ્થાન પામતાં અરવલ્લીની દીકરીએ ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

રાષ્ટ્રીય કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૧૯ની સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાના ત્રણ બાળકોની પસંદગી થઈ હતી, જેમાં મોડાસાની શ્રી એચ.એલ. સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતી ધોરણ અગિયાર સાયન્સની બે વિદ્યાર્થિનીઓએ અલગ અલગ યુનિક પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષાએ રજૂ કર્યા હતા. શ્રુતી પટેલએ નવજાત બાળકોમાં મગજના લગવા વિષે પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. આવા બાળકોમાં રહેવા રોગને ઓળખવા વિવિધ પ્રકારની એક કીટ તૈયાર કરી હતી, જેમાં અલગ અલગ પ્રકારની એલઈડી લાઈટ લગાવી હતી. જ્યારે બાળક રડે અથવા તો હસે તો તેના પરથી એલઈડી ચાલુ કે બંધ થાય, જેથી બાળક શુ કહેવા માંગે છે તે જાણી શકાય છે. આ માટે વિદ્યાર્થિનીઓએ શહેરની વિવિધ હોસ્પિટલમાં જઈન બાળકોના ડોક્ટર સાથે મુલાકાત કરીને ખાસ પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો.

શ્રુતી પટેલના આ ગૌરવથી અરવલ્લી જિલ્લાનું નામ રોશન થયું છે ત્યારે શાળા સંચાલકો સહિત શાળાના આચાર્ય જિગ્નેશ સુથાર સહિત શાળાના શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ધી માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં

# ૬ વર્ષ અગાઉ ૮૫.૭૮ લાખ રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલ કર્મચારી ઝડપાયો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના માલપુર ખાતે આવેલ ધી માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ૬ વર્ષ અગાઉ રાસાયણિક ખાતર વિભાગ , બિયારણ વિભાગ , અમુલ પર્લર , ખેત ઓજાર વિભાગમાં કામ કરતા કર્મચારીઓ તથા પટાવાળાઓ સાથે મળી એકબીજાના મેળાપણાથી જે -તે વિભાગના સંસાધનો તથા નાણાં પોતાના અંગત કામે કરી વાપરી કુલ રૂા . ૮૫ , ૭૮ , ૦૩૬ / - ની ગેરરીતી આચરી ઉચાપત કરતા સહકારી સંસ્થાઓમાં ખળભળાટ મચ્યો હતો આ અંગે માલપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા પોલીસે કૌભાંડમાં સંડોવાયેલા આરોપીઓમાંથી હેલોદરનો કરણસિંહ જવાનસિંહ પગી નામનો શખ્શ ફરાર થઈ ગયો હતો અને છેલ્લા ૬ વર્ષથી નાસતો ફરતો હતો આ ૮૫.૭૮ લાખના કૌભાંડમાં સંડોવાયેલ અન્ય આરોપીઓ ઝડપાઈ ગયા હતા.



અરવલ્લી જીલ્લા એસપી મયુર પાટીલે પેરોલ ફર્લો સ્કોડને જીલ્લામાં ગુન્હો આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માર્ગદર્શન આપતા માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપીઓની તપાસમાં હતા માલપુર ચાર રસ્તા નજીક પેરોલ ફર્લો પોલીસ જીપ જોઈ કરણસિંહ જવાનસિંહ પગી ખચકાવા લાગતા અને શંકાસ્પદ ગતિવિધિ જણાતા પોલીસે અટકાવી ઈ-ગુજકોપ પોકેટકોપની મદદથી ગુન્હાઈત ઈતિહાસ ચેક કરતાં સદરી આરોપી માલપુર પો . સ્ટે . ફસ્ટ ગુ . ર . નં . ૩૩ / ૨૦૧૪ ઈ . પી . કો . ક . ૪૦૬ , ૪૦૮ મુજબના કામે નાસતો ફરતો હોવાનું જણાઈ આવતા આરોપીની અટક કરી હતી ૬ વર્ષ અગાઉ ધી માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ૮૫.૭૮ લાખ રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલ કર્મચારી અને છેલ્લા ૬ વર્ષથી પોલીસને હાથતાળી આપતા કરણસિંહ જવાનસિંહ પગી (રહે,હેલોદર, તા.માલપુર) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી


# મહામહિમ રાજ્યપાલ પાસે જળસમાધિની મંજૂરી મંગાઈ

## અરવલ્લીના વાંદીયોલ-સોડપુર વચ્ચે પુલ નહિ બનાવતા તંત્ર પાસે જળ સમાધિ ની મંજૂરી મંગાઈ

ભિલોડા, તા. ૩

ભિલોડા તાલુકાના વાંદીયોલથી સોડપુર ગામો વચ્ચેના માર્ગેથી પસાર થતી મેશ્વો નદી ઉપર જરૂરી બ્રીજના અભાવે પંથકના ગ્રામજનોને ભારે હાડમારી વેઠવાનો વારો આવે છે.ત્યારે વર્ષોથી આ સ્થળે જરૂરી પુલ નહી બનાવી શકતા તંત્ર પાસે જળ સમાધીની મંજુરી ની માંગ કરાતાં જ ચકચાર મચી હતી.ભિલોડા તાલુકા એકતા મંચના પ્રમુખ રાહુલ ગામેતીએ મહામહિમ રાજયપાલ ગુજરાત રાજયને ઉદ્દેશીને લેખિત આવેદનપત્ર

જિલ્લા કલેકટરને આપી જળસમાધિ અંગે મંજૂરી માંગી હતી. જયારે પંથકના ગામોના પડતર પ્રશ્નો હલ કરવા પણ આવેદનપત્ર અપાયું હતું.ભિલોડા તાલુકા એકતા મંચના પ્રમુખ રાહુલભાઈ ગામેતી તેમના કાર્યકરો સાથે જિલ્લા સેવાસદન ખાતે આવી પહોંચ્યા હતા.આ પ્રમુખ સહિત કાર્યકરો દ્વારા પંથકના વાંદીયોલ- સોડપુર વચ્ચેથી પસાર થતી મેશ્વો નદી ઉપર પુલની માંગ તેમજ પંથકના બિસ્માર માર્ગો પેવર કરાવી પાકો બનાવવા,જરૂરી રસ્તાઓ ઉપર



ડામર કામ કરાવવા સહિતના મુદ્દે આવેદનપત્ર દ્વારા માંગ કરાઈ હતી.

જયારે સોડપુરથી વાંદીયોલ માર્ગ વચ્ચે થી પસાર થતી મેશ્વો નદી ઉપર જરૂરી પુલ ના અભાવે શિયાળુ કે ચોમાસા દરમ્યાન વિદ્યાર્થીઓ,દર્દીઓ અને ગ્રામજનોને અપાર મુશ્કેલી નડતી હોવાનો આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયો હતો.જયારે જરૂરી આ બ્રીજ તંત્ર નથી બનાવી શકતુ ત્યારે આ એકતા મંચના પ્રમુખ રાહુલભાઈ ગામેતી દ્વારા કલેકટર પાસે જળ સમાધી માટે મંજૂરી માંગતો પત્ર રજૂ કરતાં જ તંત્ર ચોંકી ઉઠયું હતું.

આ આવેદનપત્ર દ્વારા આંગણવાડી જર્જરીત મકાનોનું સમારકામ કરાવવા કે નવા બનાવવા, વાંદીયોલ, અસાલ, સોડપુર, વજાપુર(ખે), બ્રહ્મપુરી, લાલપુર અને નાપડા સહિતના ગામોમાં છેલ્લા ૧૦ વર્ષથી ભંગાર બનેલા રોડ ઉપર સત્વરે પેવર કામ હાથ ધરવા માંગ ઉઠાવાઈ હતી.જયારે જિલ્લા તંત્ર દ્વારા જરૂરી સર્વે કામગીરી હાથ ધરાશે એવી હૈયાધારણા અપાઈ હતી.